વાયનાડ બેઠક પર રાહુલ ગાંધીએ ઉમેદવારીપત્ર ભર્યું

ઉમેદવારીપત્ર ભરતા પહેલા રાહુલે ભવ્ય રોડ શો યોજ્યો : કેરળની પરંપરાગત ગણાતી સીટ ઉપરથી ઉમેદવારી

પહેલા યોજવામાં આવેલા બે કિમીના લાંબા રોડ શોમાં સમર્થક ઉમટી પડ્યા : શક્તિ પ્રદર્શન પણ કરાયું

વાયનાડ,તા. ૪

કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ કેરળના વાયનાડ લોકસભા સીટ પરથી અભૂતપૂર્વ ઉત્સાહ અને મોટી સંખ્યામાં કાર્યકરો અને દિગ્ગજ કોંગ્રેસી નેતાઓની ઉપસ્થિતિમાં ઉમેદવારીપત્ર ભર્યું હતું. રાહુલ ગાંધીની સાથે બહેન પ્રિયંકા ગાંધી વાઢેરા પણ ઉપસ્થિત રહ્યા હતા. રાહુલ ગાંધીએ ભગવાનના પોતાના દેશ તરીકે ગણાતા વાયનાડ લોકસભા સીટમાંથી ઉમેદવારીપત્ર ભરતા પહેલા ભવ્ય રોડ શો કર્યો હતો જેમાં પ્રિયંકા ગાંધી વાઢેરા અને અન્ય નેતાઓ પણ તેમની સાથે જોડાયા હતા. આશરે બે કિલોમીટર લાંબા રોડ શો મારફતે રાહુલ ગાંધીએ શક્તિ પ્રદર્શન કર્યું હતું. લઘુમતિઓની વધારે વસતી ધરાવતી આ સીટ ઉપર રાષ્ટ્રીય તાકાતનો પરચો રાહુલે આપ્યો હતો. રાહુલ ગાંધીના રોડ શોને ધ્યાનમાં લઈને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો તેમના સ્વાગત માટે જમા થયા હતા.

રાહુલ ગાંધીના રોડ સો માટે અગાઉ મંજુરી મળી ન હતી પરંતુ મોડેથી સરકારે મંજુરી આપી હતી. આ પહેલા વાયનાડથી ઉમેદવારીપત્ર દાખલ કરવાના પ્રશ્ન ઉપર રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, દક્ષિણ ભારતમાં એક ભાવના પ્રવર્તી રહી છે કે, વર્તમાન એનડીએ સરકાર તેમના ઉપર ધ્યાન આપી રહી નથી. દક્ષિણ ભારતને લાગે છે કે, નરેન્દ્ર મોદી તેમની સાથે દુશ્મનાવટ રાખે છે. તેમને લાગે છે કે, દેશના નિર્ણય લેવાની પ્રક્રિયામાં તેમને સામેલ કરવામાં આવી રહ્યા નથી પરંતુ તેઓ દક્ષિણ ભારતને સંદેશો આપવા માંગતા હતા કે, અમે તેમની સાથે ઉભા છે જેથી કેરળમાં ચૂંટણી લડવા આવ્યા છે. કેરળની તમામ ૨૦ સીટો માટે આગામી ૨૩મી એપ્રિલના દિવસે મતદાન થનાર છે. કેરળમાં ભાજપના સાથી પક્ષ ભારતધર્મ જનસેનાના અધ્યક્ષ તુષાર વેલ્લાપલ્લી રાહુલ ગાંધીની સામે વાયનાડથી ચૂંટણી મેદાનમાં છે. રાજયમાં હિન્દુ સમુદાયનું પ્રતિનિધિત્વ કરનાર બીડીજેએસના દમ ઉપર એનડીએ અહીં શાનદાર દેખાવ કરવા માટે આશાવાદી છે.

હાઈ પ્રોફાઈલ વાયનાડ બેઠક પર રાહુલ ગાંધી ફેવરીટ

વાયનાડમાં ૫૬ ટકા મુસ્લિમ મતદારો રહેલા છે

વાયનાડ જિલ્લામાં હિન્દુ વસ્તી ૪૯.૭ ટકા છે

વાયનાડ,તા. ૪

હાઈપ્રોફાઈલ બની ગયેલી કેરળની વાયનાડ સીટ પર રાહુલ ગાંધી ચૂંટણી મેદાનમાં ઉતરી ગયા બાદ આને લઈને જોરદાર રાજકીય ગરમી વધી ગઈ છે. વાયનાડ સંસદીય ક્ષેત્રમાં મુસ્લિમ મતદારોની સંખ્યા સૌથી વધારે છે. આવી સ્થિતીમાં કોંગ્રેસ માટે આ સુરક્ષિત સીટ દેખાઈ રહી છે. યુડીએફની બીજી સૌથી મોટી ભાગીદાર ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ આ ક્ષેત્રમાં સારા પ્રભાવમાં છે. વાયનાડ જિલ્લામાં હિન્દુ વસ્તી ૪૯.૭ ટકાની આસપાસ છે. જ્યારે ખ્રિસ્તી અને મુસ્લિમ સમુદાયના લોકોકમશ ૨૧.૫ અન ૨૮.૮ ટકાની આસપાસ છે. જો કે મલપ્પુરમમાં ૭૦.૪ ટકા મુસ્લિમ વસ્તી છે. અહીં ૨૭.૫ ટકા હિન્દુ વસ્તી છે. બે ટકા ખ્રિસ્તી સમુદાયના લોકો છે. વાયનાડ લોકસભા ક્ષેત્રમાં કુલ સવા ૧૩ લાખ વોટરો પૈકી ૫૬ ટકા વોટર તો મુસ્લિમ છે. કોંગ્રેસને આશા છે કે અહીંથી રાહુલ ગાંધીને ઉતારી દેવામાં આવ્યા બાદ પાર્ટીની સ્થિતી વધારે મજબુત થશે. તેમને લઘુમતિ સમુદાયના એકતરફી મત મળનાર છે. મુસ્લિમ સમુદાયના લોકો રાહુલ ગાંધીને દેશના વડાપ્રધાન તરીકે જોવા માટે ઉત્સુક છે. કેરળમાં ભાજપના સાથી પક્ષ ભારત ધર્મ જનસેનાના અધ્યક્ષ આ બેઠક પરથી રાહુલ ગાંધીની સામે મેદાનમાં ઉતરી રહ્યા છે.

ગુગલ પર એડમાં ખર્ચ કરનારમાં ભાજપ પ્રથમ

ટેકનોલોજીની મહાકાય કંપની તરફથી હાંસલ કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટી ગુગલ ઉપર રાજકીય એડ આપવાના મામલામાં ખર્ચમાં સૌથી આગળ છે. ભાજપ ટોપ એડવેર્ટાઈઝર તરીકે છે. ત્યારબાદ આંધ્રપ્રદેશ અને તેલંગાણાના ક્ષેત્રિય પક્ષો બીજા સ્થાન પર છે. એક સપ્તાહમાં ચૂંટણીને લઈને કરાયેલા ખર્ચ અંગે આંકડા જારી કરાયા છે. ભાજપે ૧૯મી ફેબ્રુઆરી બાદથી ૫૫૪ રાજકીય એડ ઉપર ૧.૨૧ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે જયારે રાજકીય પક્ષો અને ઉમેદવારોએ છેલ્લા દોઢ મહિનાના ગાળામાં ગુગલ ઉપર ૮૩૧ રાજકીય એડ ઉપર ૩.૭૬ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. ગુગલ ઈન્ડિયાએ આજે આ સંદર્ભમાં યાદી જારી કરી છે જેમાં ૧૯મી ફેબ્રુઆરી બાદથી પોલિટિકલ એડ અંગે કરાયેલા ખર્ચ અંગની વિગતો આપવામાં આવી છે.

સુરત-બનાસકાંઠામાં ફોર્મ ભરવા સમયે સંઘર્ષ સ્થિતિ

અમદાવાદ,તા.૪

આજે ઉમેદવારીપત્ર ભરવાનો છેલ્લો દિવસ હતો ત્યારે બીજીબાજુ, સુરત અને બનાસકાંઠા લોકસભા બેઠક પર ઉમેદવારીપત્રો ભરવા આવેલા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો અને તેમના સેંકડો સમર્થકો-ટેકેદારો વચ્ચે રીતસરની ઝપાઝપી અને છૂટ્ટાહાથની મારામારી સર્જાઈ હતી. ખાસ કરીને સુરત બેઠક પર તો, કોંગ્રેસની મહિલા આગેવાનોના તો કપડા ફાડવા સુધીના શરમજનક દ્રશ્યો સર્જાયા હતા. તો, બનાસકાંઠામાં પણ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોના સેંકડો સમર્થકો-ટેકેદારો સામસામે આવી ગયા હતા.

નિષાદ પાર્ટી એનડીએ સાથે ગઠબંધન કરવા માટે તૈયાર

પ્રવિણ નિષાદ પણ ભાજપમાં સામેલ થયા : ગોરખપુરમાં લોકસભાની પેટાચૂંટણીમાં

નિષાદે ભાજપને હાર આપી હતી : ઘણી સીટ પર સમીકરણ બદલાઈ શકે

લખનૌ, તા. ૪

ઉત્તરપ્રદેશમાં લોકસભાની ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટીને મોટી રાહત થઈ છે. કારણ કે, એક મોટા રાજકીય ઘટનાક્રમમાં નિષાદ પાર્ટીએ એનડીએની સાથે ગઠબંધન કરવાની જાહેરાત કરી છે. આની સાથે જ ગોરખપુરમાંથી વર્તમાન સપાના સાંસદ પ્રવિણ નિષાદ પણ ભાજપમાં સામેલ થઈ ગયા છે. ગોરખપુરમાં લોકસભા પેટાચૂંટણી દરમિયાન સમાજવાદી પાર્ટીએ પ્રવિણ નિષાદને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા અને ભાજપના ગઢમાં પ્રવિણ નિષાદે જીત મેળવી હતી. ગોરખપુરની સીટ યોગી આદિત્યનાથના મોટા ગઢ તરીકે ગણવામાં આવે છે. પેટાચૂંટણીમાં અહીં નિષાદની જીતથી ભાજપને મોટો ફટકો પડ્યો હતો. જો કે, નિષાદ હવે ફરી એકવાર ભાજપમાં સામેલ થઈ ગયા છે. નિષાદ પાર્ટી ભાજપની સાથે જવાની સાથે સપા અને બસપા ગઠબંધનને પણ મોટો ફટકો પડ્યો છે. દિલ્હીમાં ભાજપ ઓફિસમાં પ્રવિણ નિષાદે ભાજપના નેતા જેપી નડ્ડાએ પાર્ટીની મેમ્બરશીપ આપી હતી.

ભાજપની પ્રચાર સામગ્રીમાં હેરપિન અને સાડી સામેલ છે

અમદાવાદ,તા. ૪

લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે આજે તમામ ઉમેદવાર જાહેર કરી દેવાયા બાદ ગુજરાતની ૨૬ સીટ પર ભાજપે હવે આક્રમક રીતે પ્રચાર શરૂ કરી દીધો છે. ભાજપે આ વખતે લોકસભા પ્રચાર માટે ૫૧ ચીજોને ચૂંટણી પ્રચાર સામગ્રી-સાહિત્યમાં સામેલ કરી છે, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં માસ્ક તો છે જ, પરંતુ ભાજપના પ્રચાર સાહિત્યની કિટમાં મહિલાઓ માટે મોતીના હાર, પર્સ, ચશ્માં જેવી વસ્તુઓ પણ ઉમેરાઈ છે. ખાસ કરીને મહિલા મતદારોને આકર્ષવા માટે ભાજપે હેરપિનથી લઈ સાડી સુધીની પ્રચાર સામગ્રી તેના પ્રચારઝુંબેશમાં સામેલ કરી છે. આ ઉપરાંત ચહેરા માટે માસ્ક, પુરુષો અને મહિલાઓ માટે સ્કાર્ફ, ઝંડા, કાર્યાલય બેનર, ગાંધી ટોપી, કાગળનાં તોરણ, ટીશર્ટ, કેપ પણ રાખવામાં આવ્યાં છે. ગરમીના દિવસોમાં ઈલેક્શન હોવાના કારણે ભાજપે પ્રચાર સાહિત્યમાં કાગળના પંખાને પણ સામેલ કર્યા છે. આ ઉપરાંત ગોગલ્સ, ફ્લોરોસન્ટ સ્ટિકર્સ, હેન્ડ બેન્ડ, કીચેન, પેન્ડન્ટ, મૈં ભી ચૌકીદાર લખેલાં પેન્ડન્ટ, મહિલાઓ માટે હેર બ્રોચ, સાડી બ્રોચ, હેર પિન, હેર રિંગ, બક્કલ, મોતીની માળા, પાઉચ, પર્સ, લેડીઝ મોબાઈલ કવર, કમળની પ્રિન્ટવાળી સાડીઓ, કમળની ડિઝાઈનવાળા દુપટ્ટા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં જેકેટ હોટ ફેવરિટ થયા પછી તેમનાં મોદી માસ્ક પણ એટલાં જ લોકપ્રિય છે.

પેટાચૂંટણીમાં ભાજપે ચાર બેઠક પર આયાતી ઉમેદવારો ઉતાર્યા

અમદાવાદ,તા. ૪

લોકસભા ચૂંટણીની સાથે સાથે માણાવદર, જામનગર ગ્રામ્ય, ધ્રાંગધ્રા અને ઉંઝા વિધાનસભાની પેટાચૂંટણી યોજાઈ રહી છે. આ ચાર બેઠકો પર પણ ભાજપ અને કોંગ્રેસે ઉમેદવારોની જાહેરાત કરતા ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. કોંગ્રેસે ગઈકાલે માણાવદર, જામનગર ગ્રામ્ય, ધ્રાંગધ્રા બેઠકના અને આજે ઉંઝા બેઠકના ઉમેદવાર જાહેર કર્યા હતા. જ્યારે ભાજપે આ બેઠકો પર અગાઉથી જ ઉમેદવારો જાહેર કરી દીધા છે. ભાજપે ૨ પાટીદાર, એક આહિર અને એક કોળીને તથા કોંગ્રેસે ૪ પાટીદારને ટિકિટ આપી છે. જેમાં ભાજપે કોંગ્રેસમાંથી આવેલા ત્રણ પૂર્વ ધારાસભ્યો જવાહર ચાવડા, રાઘવજી પટેલ, આશા પટેલ અને પરસોત્તમ સાબરિયાને ટિકિટ આપી છે. જ્યારે જામનગર ગ્રામ્ય બેઠક પરથી વલ્લભ ધારવિયાની ટિકિટ કાપી છે. આમ, ભાજપે તમામ ચાર બેઠકો પર આયાતી ઉમેદવારોને ટિકિટ આપી છે, જેને લઈ ભાજપના સ્થાનિક રાજકારણમાં આંતરિક નારાજગી પ્રવર્તી રહી છે, તો બીજીબાજુ, કોંગ્રેસે વિધાનસભા પેટાચૂંટણીમાં તમામ ઉમેદવારો પાટીદાર ઉતાર્યા છે. આ પેટાચૂંટણીમાં સૌથી વધુ ચર્ચા માણાવદર બેઠકની ચાલી રહી છે, કારણ કે આ બેઠક પરથી કોંગ્રેસના ધારાસભ્ય જવાહર ચાવડાએ ધારાસભ્યપદેથી રાજીનામું આપી ભાજપમાં જોડાઈ જતા આ બેઠક ખાલી પડી છે. ભાજપે આ બેઠક પર ફરી એકવાર આહિર સમાજમાંથી આવતા જવાહર ચાવડાને જ ટિકિટ આપી છે. જ્યારે કોંગ્રસે તેની સામે પાટીદાર સમાજના અરવિંદ લાડાણીને મેદાનમાં ઉતાર્યા છે. આ બેઠક રૂપાણી સરકાર માટે કસોટીરૂપ છે કારણ કે ભાજપમાંથી ચૂંટણી લડી રહેલા જવાહર ચાવડા હાલ કેબિનેટ મંત્રી છે. જ્યારે જામનગર ગ્રામ્ય બેઠક પરથી કોંગ્રેસના ધારાસભ્ય વલ્લભ ધારવિયાએ રાજીનામું આપી ભાજપમાં જોડાતા આ બેઠક ખાલી પડી છે. જેની પેટાચૂંટણી યોજાઈ રહી છે. જેમાં ભાજપે કોંગ્રેસમાંથી આવેલા વલ્લભ ધારવિયાને બદલે રાઘવજી પટેલને ટિકિટ આપી છે. રાઘવજી પટેલ પણ થોડા સમય પહેલા કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયેલા છે અને આ બેઠક પરથી ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં વલ્લભ ધારવિયા સામે જ હારી ગયા હતા. આમ ભાજપે રાઘવજીને હરાવનારા ધારવિયાને પક્ષમાં લઈ ટિકિટ કાપી નાંખી છે. જ્યારે કોંગ્રેસે તેની સામે જયંતી સભાયાને ઉમેદવાર બનાવ્યા છે.

પાટીદાર ફેકટર : ભાજપે ૬, કોંગીએ ૮ પાટીદારો ઉતાર્યા

અમદાવાદ,તા. ૪

૨૦૧૯ની આ વખતની ગુજરાત લોકસભાની ચૂંટણીમાં પાટીદાર ફેકટર બહુ મહત્વનું સાબિત થવાનું છે. ખાસ કરીને ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલન બાદ અમદાવાદ સહિત ગુજરાતમાં પાટાદીરો પર અત્યાચાર અને જુલમને લઈ પાટીદાર સમાજમાં ભાજપ પરત્વે આંતરિક નારાજગી છે ત્યારે કોંગ્રેસ પાટીદાર ફેકટરનો પૂરેપૂરો ફાયદો ઉઠાવવા માંગે છે અને તેના કારણે જ આ ચૂંટણીમાં ભાજપે જયાં છ પાટીદાર ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે, તેની સામે કોંગ્રેસે વિવિધ બેઠકો પરથી કુલ આઠ પાટીદાર ઉમેદવારોને ચૂંટણી જંગમાં ઉતારી પાટીદારો પર દાવ ખેલ્યો છે. ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ ઉમેદવારોએ જાહેર કરી દીધા છે ત્યારે રાજ્યમાં સૌથી મોટો મતદાર વર્ગ એવા પાટીદાર સમાજને ટિકિટ આપવા માટે બંને પક્ષોએ લાંબી કશ્મકશ કરી હતી. અંતે આ ચૂંટણીમાં ભાજપે ૬ અને કોંગ્રેસે ૮ પાટીદાર ઉમેદવાર ઉભા રાખ્યા છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં તમામ ૨૬ બેઠક પર કબ્જો કરનાર ભાજપે તે સમયે ૫ પાટીદાર ઉમેદવાર ઉભા રાખ્યા હતા. જ્યારે કોંગ્રેસે માત્ર ૪ ઉમેદવારોને ટિકિટ આપી હતી. ગુજરાતમાંથી ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ તેમના અનુગામી તરીકે આનંદીબેન પટેલ અને વિજય રૂપાણીને શાસન સોંપીને ગયા હતા. ગુજરાતમાં પીએમ મોદીની ગેરહાજરીમાં ૨૦૧૫ બાદ થયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીથી માંડીને ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને હારનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૨૩ વર્ષ બાદ સૌથી ઓછા ધારાસભ્યો સાથે પાતળી બહુમતીથી સરકાર બનાવવી પડી હતી. ૨૦૧૫ બાદ યોજાયેલી વિવિધ ચૂંટણીઓમાં ભાજપને સૌથી મોટો ફટકો પાટીદાર મતદારોનો પડ્યો હતો,. કેમકે આ સમયગાળા દરમિયાન પાટીદાર અનામત આંદોલનના કારણે ગુજરાતમાં ભાજપને બદનામી મળી હતી અને ખાસ કરીને પાટીદારો પર અત્યાચારને લઈ પાટીદારોએ ભાજપ વિરોધી મતદાન કર્યું હતું. જો કે, તેમછતાં લોકસભાની આ ચૂંટણીમાં ભાજપે પાટીદાર મતદારો પર વધુ ધ્યાન ન આપ્યું હોવાનું ઉમેદવારોની પસંદગીથી જણાઈ રહ્યું છે. આ ચૂંટણીમાં ભાજપ કરતા કોંગ્રેસે વધુ પાટીદારોને ટિકિટ આપી છે. પાટીદારોના યુવા નેતા હાર્દિક પટેલ હવે કોંગ્રેસમાં સામેલ થયો છે.

પાટીદારોને ટિકિટ

કોંગ્રેસના પાટીદાર ઉમેદવાર

બેઠક	ઉમેદવાર
પોરબંદર	લલિત વસોયા
રાજકોટ	લલિત કગથરા
વડોદરા	પ્રશાંત પટેલ
અમરેલી	પરેશ ધાનાણી
મહેસાણા	એ.જે.પટેલ
અમદાવાદ ઈસ્ટ	ગીતા પટેલ
સુરત	અશોક અધેવાડા
ભાવનગર	મનહર પટેલ

ભાજપના પાટીદાર ઉમેદવાર

બેઠક	ઉમેદવાર
પોરબંદર	રમેશ ધડુક
આણંદ	મિતેષ પટેલ
મહેસાણા	શારદા પટેલ
રાજકોટ	મોહન કુંડારિયા
અમરેલી	નારણ કાછડિયા
અમદાવાદ પૂર્વ	હસમુખ પટેલ

અમદાવાદ પૂર્વમાં પાટીદારો વચ્ચે જંગ, હસમુખ વિરુદ્ધ કોંગ્રેસના ગીતા પટેલ

ગાંધીનગર, તા. ૪

ભાજપે છેલ્લે જાહેર કરેલી અમદાવાદ પૂર્વની બેઠક પર

આખરે હસમુખ પટેલની પસંદગી કરવામાં આવી છે. તેઓ ભાજપના અમરાઈવાડીના ધારાસભ્ય છે. કોંગ્રેસે આ બેઠક પરથી ગીતા પટેલને ઉમેદવારી કરાવતાં ભાજપે

પણ પાટીદાર ઉમેદવારને મેદાનમાં ઉભા રાખ્યા છે. ફિલ્મસ્ટાર પરેશ રાવલની આ બેઠક પર હવે પાટીદારો વચ્ચે જંગ ખેલાશે.

ગુજરાતમાં પહેલીવાર અમદાવાદ પૂર્વની બેઠકમાં કોઈ પક્ષે પાટીદારને ટિકીટ આપી હોવાની આ પહેલી ઘટના છે, જેનું કારણ તાજેતરમાં કોંગ્રેસમાં જોડાયેલા હાર્દિક પટેલ છે. હાર્દિક કહે છે કે મને ચૂંટણી લડવામાં ભાજપની સરકાર આડે આવે છે પરંતુ હવે હું તેમને ૨૬ બેઠકોમાં આડે આવીશ. આ ધમકીના કારણે ભાજપને પાટીદાર ઉમેદવાર ઉભો રાખવાની ફરજ પડી છે.

ભાજપના આંતરિત વિરોધ છતાં ઉંઝા વિધાનસભાની બેઠક પરથી પાર્ટીએ પાટીદાર મહિલા ડો આશા પટેલને મેદાનમાં ઉતાર્યા છે.

ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમિટિએ નાણાંકીય વર્ષ ૨૦૨૦ના જીડીપી ગ્રોથનો અંદાજ ૭.૨ ટકા આંકવામાં આવ્યો છે. સીપીઆઈ ફુગાવો ૨.૪ ટકા રહ્યો છે. ૨૦૧૮-૧૯ના ચોથા ત્રિમાસિક ગાળામાં સીપીઆઈ ફુગાવો વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ગાળામાં ૨.૯થી ૩ ટકા રહ્યો હતો. આજે એલએએફ હેઠળ પોલિસી રેપોરેટમાં ઘટાડો તાત્કાલિકરીતે અમલી કરવામાં આવ્યો છે. એમએસએફના દર અને બેંક રેટના દર ૬.૨૫ ટકાના દરે રહ્યા છે.

આરબીઆઈની મોનિટરી પોલિસી કમિટિ દ્વારા આજે તેના પરિણામ ત્રણ દિવસની બેઠક બાદ જાહેર કર્યા હતા. મોનિટરી પોલિસી કમિટિએ રેટમાં કાપની તરફેણમાં ૪-૨ની બહુમતિથી નિર્ણય આપ્યો હતો. રિઝર્વ બેંક દર ત્રણ મહિનામાં આર્થિક નીતિઓની સમીક્ષા કરે છે. આ ગાળા દરમિયાન વ્યાજદરો અથવા તો પોલિસી રેટ ઘટાડવા અથવા વધારવાના સંદર્ભમાં નિર્ણય કરવામાં આવે છે.

આતંક

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતાપુર વિસ્તારમાં મોહલાના જંગલોમાં જવાનો પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં એક જવાન ઈ રામકુષ્ણનનું ઘટના સ્થળે જ શહીદ થયા હતા. બાકીના ત્રણ જવાનોએ હોસ્પિટલમાં દમ તોડી દીધો હતા.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પંખાજુર વિસ્તારમાં સંદિગ્ધ પ્રવૃત્તિઓને કારણે જ્જીહ્લના જવાન સર્ચ ઓપરેશન માટે નીકળ્યા હતા. આ દરમિયાન નક્સલીઓએ તેમની પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. ઘટનાની જાણ થતા જ સેનાની ફોર્સને ઘટનાસ્થળે મોકલી દેવામાં આવી છે. આ વિસ્તારમાં પોલીસ અને નક્સલીઓ વચ્ચે એક્રાઉન્ટર ચાલુ છે.

૧૮ એપ્રિલના રોજ બીજા તબક્કામાં કાંકેરમાં મતદાન યોજાવાનું છે. થોડા દિવસો પહેલા જ નક્સલીઓએ ચૂંટણીનો વિરોધ કર્યો હતો. લોકોએ મતદાન ન કરવાની ધમકી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ નક્સલવાદીઓએ અનેક હુમલા કર્યા છે. જેમાં સામાન્ય નાગરિકો અને જવાનો બંન્નેને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ અગાઉ હોળીનાં દિવસે પણ નક્સલવાદીઓએ બીજાપુરમાં સામાન્ય નાગરિકોને નિશાન બનાવ્યા હતા. નક્સલવાદીઓએ એકેંઈઢ્ઢ બ્લાસ્ટ કરીને વાહનોને ઉડાવ્યા હતા. જેમાં ૯ લોકો ઘાયલ થયા હતા.

ઝુકાવ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બસપાના ઉમેદવાર તેમજ અન્ય નાના મોટા પક્ષ ઉપરાંત અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. લઘુમતિ સમાજમાંથી મહિલા ઉમેદવારોએ પણ ઉમેદવારી નોંધાવી હતી જે નોંધનીય રહ્યુ છે.

ઉમેદવારીપત્ર ભરનારાઓના ધસારાને કારણે એક તબક્કે પોલીસે ભીડને કંટ્રોલ કરવા માટે દરવાજા પણ બંધ કરી દીધા હતા અને ઉમેદવારને જ પ્રવેશ અપાયો હતો.

સવારથી જ ઉમેદવારોના ધસારાને ધ્યાને લઈ તંત્રએ પણ આજે પૂરતી તૈયારી રાખી હતી. જોકે અંતિમ દિવસ ઉમેદવારી પત્ર ભરવાનો હોવાથી રાજકીય પ્રવાહો પણ ઉત્તેજીત બનીને વહેતા દેખાયા હતા. સતત એવી પૃચ્છાઓ થતી રહેતી હતી કે કેટલા ઉમેદવારીપત્રો ભરાયા. આજે ૧૯ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી તેને લઈ ભારે ચર્ચા હતી. પાસના અગ્રણી દિલીપ સામવાએ નોંધાવેલી ઉમેદવારી વધુ ચર્ચામાં હતી.

જે નાના નોંધાયેલા પક્ષોએ ઉમેદવારી નોંધાવી છે તેમાં ગરવી ગુજરાત પાર્ટી, ઈન્ડિયન બિઝનેશ પાર્ટી, પીપલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા, બહુજન મુક્તિ પાર્ટી, અખિલ ભારતીય જનસંઘ, આંબેડકર સમાજપાર્ટીના ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા સંપન્ન થયા બાદ ચૂંટણી અધિકારી વ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ જણાવ્યુ હતુ કે આવતીકાલે સવારે ૧૧ વાગ્યાથી ઉમેદવારીપત્રોની ચકાસણી શરૂ કરાશે. તેમણે કહ્યુ કે ૮મી એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકાશે. ગાંધીનગર બેઠક પર કુલ ૫૨ ઉમેદવારીપત્રો ૪૫ ઉમેદવારો દ્વારા રજુ કરાયા છે.

તેમણે પત્રકારોના એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે ૯૦ થી વધુ ઉમેદવારી પત્રોનું વિતરણ થયુ હતુ.

સાથે સાથે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમેદવારને જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારીએ ગુજરાતીમાં પ્રતિજ્ઞા બોલતાં તેણે ગુજરાતીમાં પ્રતિજ્ઞા લીધી હતી.

- ગાંધીનગર બેઠક પર ૪૫ ઉમેદવારોએ ૫૨ ઉમેદવારીપત્રો રજુ કર્યા છે. આ બેઠક પર ચૂંટણી લડવા માટે ૯૦ થી વધુ ઉમેદવારો ઉમેદવારીપત્ર લઈ ગયા હતા.
- આજે સાંજે ૫.૩૦ વાગ્યા સુધી ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા ચાલી હતી. જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારી, એસ.કે. લાંગા, અધિક નિવાસી કલેક્ટર હનુમંતસિંહ જાડેજા તથા અધિક કલેક્ટર ભરતભાઈ પરમાર સતત તેમની ખુરશી પર બેસી અને ઉમેદવારીપત્રો સ્વીકાર્યા હતા.
- કલેક્ટર વ ચૂંટણી અધિકારીની કચેરી બહાર ઉમેદવારના ફોર્મની ચકાસણી માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં ૬ થી વધુ કર્મચારીઓએ સતત ફરજ બજાવી હતી.
- આજે ઉમેદવારીપત્ર ભરવાની ૧૦ મિનિટ બાકી હતી ત્યારે જેમને ટોકન મળી ગયા હતા તે બધાજ ઉમેદવારોને ચૂંટણી અધિકારીની કચેરીમાં બેસાડવામાં આવ્યા ત્યારે એક લઘુમતિ સમાજની મહિલા ઉમેદવારના પતિના ખીસ્સામાં ઉમેદવાર તરીકેની ડિપોઝીટની રકમ રહી ગઈ હતી. જેની જાણ થતાં કલેક્ટરે તેમના પી.એ.ને બોલાવી રકમ અંદર લઈ આવવા જણાવ્યુ હતુ અને તેણીનીએ ફોર્મ ભર્યુ હતુ.
- બધા જ ઉમેદવારીપત્રો ગુજરાતી ભાષામાં ભરીને રજુ કરવામાં આવ્યા હતા.